ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
આઝાદી કા અમૃત મહોત્સવ
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ- 2695/10/2024** **તા.08-10-2024**

## પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલજીએ હરિયાણા અને જમ્મુ કાશ્મિરના પરિણામ સંદર્ભે "શ્રી કમલમ" પ્રદેશ કાર્યાલય ખાતે પ્રેસ કોન્ફરન્સને સંબોધી.

----

## હરિયાણા અને જમ્મુ કાશ્મિરના પરિણામથી સ્પષ્ટ થાય છે કે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પર અને ભારતીય જનતા પાર્ટી પર જનતાને અતૂટ વિશ્વાસ છે.– શ્રી સી.આર.પાટીલ

----

## બંધારણમાં વિશ્વાસ મુકી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સરકાર ચલાવે છે અને જનતાને મોદી સાહેબ પ્રત્યે જે વિશ્વાસ છે તેની જીત છે, કોંગ્રેસના જૂઠ્ઠાણાને જનતાએ નકારી દીધા છે. – શ્રી સી.આર.પાટીલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ હરિયાણા અને જમ્મુ કાશ્મિરના ચૂંટણી પરિણામ સંદર્ભે કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજીએ પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે પત્રકાર પરિષદને સંબોધી. આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશના મહામંત્રીશ્રીઓ શ્રી રજનીભાઇ પટેલ, શ્રી વિનોદભાઇ ચાવડા , પ્રદેશ મીડિયાના કન્વીનરશ્રી ડો.યજ્ઞેશભાઇ દવે, પ્રદેશના સહ પ્રવકતાશ્રીઓ શ્રી જયરાજસિંહ પરમાર,ડો.શ્રદ્ધાબેન રાજપૂત, પ્રદેશ મીડિયાના સહ કન્વીનરશ્રી ઝુબિનભાઇ આશરા ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, આજે હરિયાણા અને જમ્મુ કાશ્મિરના પરિણામ જાહેર થયા છે. આજના પરિણામથી સ્પષ્ટ થાય છે કે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પર અને ભારતીય જનતા પાર્ટી પર જનતાનો અતૂટ વિશ્વાસ છે. ભારતીય જનતા પાર્ટી આજે હરિયાણામાં સતત ત્રીજી વખત સરકાર બનાવવા જઇ રહી છે. હરિયાણામાં ભાજપા સરકારે વિકાસના કરેલા કામોને કારણે જનતાએ ફરી ભાજપને સત્તા સોંપી કામ કરવાની જવાબદારી આપી છે. કોંગ્રેસે ચૂંટણી દરમિયાન સતત

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

નેગેટીવ પ્રચાર કરવા છતાં લોકોએ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પ્રત્યે વિશ્વાસ દાખવ્યો છે તે બદલ હરિયાણાની જનતાનો હ્રદયથી આભાર માનુ છે. આજે હરિયાણાની જીત લોકશાહીની જીત છે. બંધારણમા વિશ્વાસ મુકી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સરકાર ચલાવે છે અને જનતાને મોદી સાહેબ પ્રત્યે જે વિશ્વાસ છે તેની જીત છે. કોંગ્રેસના જૂઠ્ઠાણાને જનતાએ નકારી દીધા છે.

શ્રી પાટીલજીએ વધુમા જણાવ્યું કે, જમ્મુ કાશ્મિરમાં પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબે આંતકવાદ મુક્ત કાશ્મિરની ઝુંબેશ ચલાવી તેના સારા પરિણામ મળ્યા છે આજે જમ્મુ કાશ્મિરની જનતા ભય મુકત થઇ જેના પરિણામે આજે ભાજપ 27 થી વધુ બેઠકો પર આગળ ચાલી રહી છે જ્યારે કોંગ્રેસ 6 જેટલી બેઠક પર આગળ છે. જમ્મુ કાશ્મિરના પરિણામ પરથી સ્પષ્ટ થાય છે કે જનતા વિકાસના કાર્યો ઝંખે છે તેમને મળેલા આઝાદી અને અધિકાર મળે તે માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પર વિશ્વાસ રાખ્યો છે. આજે જમ્મુ કાશ્મિરની જનતાને પણ વિશ્વાસ થયો છે કે તે ભારતનો જ હિસ્સો છે. જમ્મુ કાશ્મિરમા પરણ ભારતીય જનતા પાર્ટી સૌથી મોટી પાર્ટી બનવા જઇ રહી છે.

**ડૉ.યજ્ઞેશ દવે**
**(પ્રદેશ મિડિયા કન્વીનર)**